વડતાલ ધામમાં કેડીસીસી બેંકની ૭૮મી વાર્ષિક સભા યોજાઇ : AI મેનેજર જેવી અત્યાધુનિક ડિજિટલ સેવાઓનું લોકાર્પણ

ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકનું ભંડોળ રૂપાંચ હજાર કરોડને આંબી ગયું

બેંકને ૫૮ કરોડનો માતબર નફો થતાં સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડની લ્હાણી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

વડતાલ ખાતે ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ (કેડીસીસી બેંક)ની ૭૮મી વાર્ષિક સાધારણ સભા અત્યંત ભવ્ય રીતે યોજાઈ હતી. આ સભાની સૌથી મોટી વિશેષતા એ રહી કે તેનું જીવંત પ્રસારણ દેશના સૌથી લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત' માં કરવામાં આવ્યું હતું, જે બેંકની સફળતાની ગુંજ દેશભરમાં પહોંચાડે છે. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રીઓ, સાંસદો અને સહકારી ક્ષેત્રના દિગ્ગજોની ઉપસ્થિતિમાં બેંકની પ્રગતિનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો.

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ બી. પરમારે જણાવ્યું હતું કે બેંકનો નફો રૂ. ૫૧ કરોડથી વધીને રૂ. ૫૮ કરોડ સુધી પહોંચ્યો છે. બેંકનું કુલ ભંડોળ રૂ.પાંચ હજાર કરોડના આંકડાને સ્પર્શ્યું છે. આ આર્થિક મજબૂતીના ફળ સભાસદોને આપતા બેંક દ્વારા ૨૦ ટકા ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત સભાસદોએ હર્ષનાદ સાથે વધાવી લીધું હતું. આ પ્રસંગે ચેરમેન તેજશકુમાર બી. પટેલે બેંકને આધુનિક બનાવવાના ભાગરૂપે એઆઈ મેનેજર, ઈન્ટરનેટ બેંકિંગ અને AEPS જેવી અત્યાધુનિક ડિજિટલ સેવાઓનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત, ખેડૂતોને રૂ. ૩ લાખ સુધીની સબસિડી આધારિત લોન અને પશુપાલકો માટે વિશેષ ધિરાણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. અમૂલ ફેડરેશનના એમડી જયંતભાઈ મહેતાએ પણ પશુપાલકોની સુખાકારી માટે કેડીસીસી બેંક અને અમૂલના પરસ્પર સહયોગ પર ભાર મૂક્યો હતો.

સહકારી શિરોમણી એવોર્ડથી મહાનુભાવોનું સન્માન

આ કાર્યક્રમ દરમિયાન સહકારી ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન બદલ લાલસિંહ વડોદીયાને 'સહકારી શિરોમણી એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનના "સહકારથી સમૃદ્ધિ" ના વિઝનને કેડીસીસી બેંક સાચા અર્થમાં સાકાર કરી રહી છે. આ સભામાં ખેડા અને આણંદ જિલ્લાના ધારાસભ્યો, સહકારી અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

નવા હોદ્દેદારોએ પૂર્વ પ્રમુખ સહિતની ટોળકી સામે લાલ આંખ કરી

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ હોદ્દેદારોની વિવાદીત કરતૂતો!

બેંક ખાતા સગેવગે કરવા કોરા કાગળ પર લેટરપેડ છપાવી કૌભાંડ આચર્યાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૬

પેટલાદમાં વર્ષોથી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સંસ્થા કાર્યરત છે. અમદાવાદના તાબા હેઠળ ચાલતી પેટલાદની આ સંસ્થામાં છેલ્લા ઘણા સમયથી કારોબારી સમિતી અંગે વિવાદ ચાલી રહ્યો છે. શહેરમાં એક જ સંસ્થાની બે કમિટી કાર્યરત હોવાનો દાવો હોદ્દેદારો કરી રહ્યા હતા. જેને કારણે વેપારી, મહાજનો, ઉદ્યોગપતિઓ વગેરે ભારે મુંઝવણ અનુભવી રહ્યા હતા. જેથી નવી કારોબારી કમિટીએ જુના હોદ્દેદારોએ કરેલા કરતૂતો સામે કાયદેસર કાર્યવાહી શરૂ કરતાં ચકચાર મચી જવા પામી છે. જુના હોદ્દેદારો દ્વારા બોગસ લેટર કાંડ, બેંક ખાતામાં ખોટા કાગળો રજુ કરવા જેવી અનેક કામગીરીની વિગતો સામે આવતા નવા હોદ્દેદારોએ લાલ આંખ કરી છે.

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની જુની કારોબારીમાં નિરંજનભાઈ શાહ, જયેશભાઈ શાહ, મુકેશભાઈ ચોક્સી મુખ્ય હોદ્દેદારો હતા. પરંતુ 15મી મે 2026ના રોજ નવી કારોબારી અસ્તિત્વમાં આવતા પ્રમુખ પદે જીગર જાની, ઉપપ્રમુખ અરવિંદ ભાવસાર, સેક્રેટરી હેનલ શાહ અને જોઈન્ટ સેક્રેટરી તરીકે રાજેશ પટેલની વરણી થઈ હતી. જો કે આ નવી કારોબારી સ્વિકારવા જુના હોદ્દેદારો તૈયાર ન્હોતા. જેથી વર્તમાન પ્રમુખ જીગર જાનીએ પૂર્વ પ્રમુખ નિરંજન શાહ પાસે કાર્યરત કમિટીના સભ્યોની યાદી માંગી હતી. જે આપવામાં પૂર્વ પ્રમુખ નિરંજન શાહ નિષ્ફળ ગયા હોવાનું જીગર જાનીએ જણાવ્યું હતું.

તેઓએ વધુમાં કહ્યું હતું કે, પેટલાદની નવી કારોબારીની નોંધણી પણ થઈ ચુકી છે. પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના જુના આ હોદ્દેદારોની કરતૂતો અંગે પ્રમુખ જીગર જાનીએ જણાવ્યું હતું કે, ભૂતકાળના હોદ્દેદારોએ વેપાર, રોજગાર, ઉદ્યોગ વગેરે માટે કોઈ જ કામગીરી કરી નથી. તેઓએ વ્યક્તિગત લાભો જ લીધા હોવાનો આક્ષેપ કર્યો હતો.

આ ઉપરાંત જુના હોદ્દેદારોના કારસ્તાનને ખુલ્લા પાડતી એક અરજી 4થી જુન 2026ના રોજ વર્તમાન ઉપપ્રમુખ અરવિંદ ભાવસારે કેડીસીસી બેંકના મેનેજરને કરી હતી. જેમાં તેઓએ ઉલ્લેખ કર્યો હતો કે પૂર્વ હોદ્દેદારો નિરંજન શાહ, જયેશ (છપ્પન) શાહ અને મુકેશ ચોક્સીએ કોરા કાગળનું લખાણ લેટરપેડ ઉપર મૂકી ઝેરોક્ષ કરાવી બેંકમાં આપ્યું હતું. આ કાગળ ચેમ્બર ઓફ કોમર્સના બેંક ખાતામાં સાઈનીંગ ઓથોરીટી તથા ડિપોઝીટ સગેવગે કરવાના આશયથી આ કાવતરૂ કરવામાં આવ્યું હતું. આ અંગે કાર્યવાહી માટે અધિકૃત હોદ્દેદારો પૈકી કોઈએ પણ ઠરાવબુકમાં સહી કરેલી નહીં હોવાનું અરવિંદ ભાવસારની આ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બેંક સાથે ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરવાનો આ ગંભીર ગુનો હોવાથી કાયદેસરની માંગણી સંસ્થાના ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવી છે.

આ બનાવ અંગે અરવિંદ ભાવસારે વધુ એક અરજી 27મી જૂન 2026ના રોજ પેટલાદ ટાઉન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટરને પણ આપી હતી. જેમાં બોગસ લેટર કાંડ, બેંકમાં ખોટા કાગળો રજુ કરવા, ચેમ્બર ઓફ કોમર્સના હિસાબોની તપાસ ચાલુ હોવા જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પરંતુ પૂર્વ હોદ્દેદારો પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના ચાલુ હોદ્દા ઉપર હોવાનું સોશ્યલ મિડીયા થકી પ્રસ્થાપિત કરતા હતા. જેને કારણે શહેરના વેપારી અને મહાજનોમાં ગેરસમજ ઉભી થતી હતી. જેથી વર્તમાન હોદ્દેદારોએ 20મી જુલાઈ 2026ના રોજ વર્તમાન પત્ર દ્વારા જાહેર સુચના અંગેની નોટીસ જારી કરતા શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

નવી બોડીનો દાવો કરે છે, તેમણે પોતે સાચા હોવાનું પૂરવાર કરવું પડશે

'અરવિંદભાઈ ભાવસારે તબિયત સારી ન હોવાને કારણે અગાઉ ચેમ્બરમાંથી રાજીનામું આપી દીધું હોવાથી, તેમને હવે આવો કોઈ પત્ર લખવાનો કે સહી કરવાનો અધિકાર નથી.આમ છતાં જે હશે તે કાયદેસર થશે. અમદાવાદની મેઈન ચેમ્બરમાં નવી બોડીએ નોંધણી કરવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે હોલ્ડ પર છે. માત્ર નોંધણી કરાવવાથી જ કોઈ ચેમ્બર સાચું ઠરતું નથી. હાલમાં નિરંજનભાઈ જ પ્રમુખ છે અને હું ઉપપ્રમુખ છું. અમારી બોડી જ હાલમાં 'ચાલુ' અને 'રેગ્યુલર' છે. જે લોકો નવી બોડીનો દાવો કરે છે, તેમણે પોતે સાચા હોવાનું પૂરવાર કરવું પડશે. આ બાબતે જ્યાં જવાબ આપવાના હતા ત્યાં આપી દેવામાં આવ્યા છે.' - **જયેશભાઇ શાહ, પૂર્વ ઉપપ્રમુખ, પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ, પેટલાદ.**

કપડવંજમાં સાયબર માફિયાએ દંપતીના ૨.૪૧ લાખ ઉસેડી લીધાં

મિત્રના હેક થયેલા મોબાઇલ પરથી આવેલી APK ફાઇલ ડાઉનલોડ કરતા ખાતુ સાફ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

કપડવંજ તાલુકાના ઉકરડીના મુવાડા ગામમાં રહેતા એક પરિવાર સાથે ઓનલાઇન છેતરપિંડીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. વોટ્સએપ પર મિત્રના નંબર પરથી આવેલી એક અજાણી એપ્લિકેશન (APK ફાઇલ) ઈન્સ્ટોલ કરવા જતા પતિ-પત્નીના સંયુક્ત બેંક ખાતામાંથી ૨,૪૧,૦૨૩ની માતબર રકમ ગાયબ થઈ ગઈ હતી. આ મામલે આંતરસુબા પોલીસ મથકમાં અજાણ્યા સાઇબર ભેજાબાજ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

કપડવંજ તાલુકાના ઉકરડીના મુવાડા ગામમાં રહેતા ઈમામુદ્દીન પઠાણ અને તેમના પત્ની પરવિનબાનું બેંક ઓફ ઇન્ડિયામાં સંયુક્ત ખાતું ધરાવે છે. ૩ મે ૨૦૨૬ના રોજ ઈમામુદ્દીનના મોબાઇલ પર તેમના મિત્ર મહેશ ચૌહાણના નંબર પરથી વોટ્સએપમાં એક APK ફાઇલ આવી હતી. મિત્રનો જ મેસેજ સમજીને ઈમામુદ્દીને આ એપ્લિકેશન ડાઉનલોડ કરી તેમાં બેંક ખાતાનો પાસવર્ડ નાખ્યો હતો. જોકે, એપ ચાલુ ન થતા તેમણે તે બંધ કરી દીધી હતી, પરંતુ આ દરમિયાન સાયબર ગઠિયાઓએ તેમનો ફોન હેક કરી લીધો હતો.

થોડા સમય બાદ, અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા દંપતીના ખાતામાંથી નાણાં ઉપડવાના શરૂ થયા હતા. છેતરપિંડીનો અહેસાસ થતા ઈમામુદ્દીને તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર જાણ કરી હતી, તેમ છતાં મોબાઇલ હેક થયેલો હોવાથી વધુ રકમ ઉપડી ગઈ હતી. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તેમના મિત્ર મહેશનું વોટ્સએપ એકાઉન્ટ હેક થયું હતું અને તેમાંથી આપોઆપ આવી જોખમી લિંક્સ અને એપ્લિકેશન તમામ લોકોને ફોરવર્ડ થઈ રહી હતી. પોલીસની સૂચના મુજબ, દંપતીએ ૨૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ આંતરસુબા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વોટ્સએપ હેકર વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

મહુધાના ગઠિયાઓએ ૨૦ હજારની છેતરપિંડી આચરી

સસ્તામાં ડોલર આપવાની લાલચ આપી નાણા પડાવ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

મહુધા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સસ્તા ભાવે યુએસ ડોલર આપવાની લાલચ આપી નાગરિકો સાથે છેતરપિંડી આચરવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મુંબઈમાં મિસ્ત્રી કામ કરતા કરમ હુસેન અતિબુલ્લાખાનને આશ્રમના મકાનોમાં ફર્નિચરનું કામ આપવાના બહાને બોલાવી ૨૦ હજાર રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી છે.

મહુધાના કેતન તળપદા અને પરેશ તળપદાએ પોતાની ઓળખ સ્વામીજીના સેવક તરીકે આપી કરમ હુસેનનો વિશ્વાસ કેળવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે શિપમાંથી મળેલા ૧૦૦-૧૦૦ ડોલરના બંડલ ટ્રસ્ટના ખાતામાં જમા થઈ શકતા ન હોવાથી તેઓ રૂ. ૭૦ થી ૭૫ના સસ્તા ભાવે ડોલર આપી દેશે. આ લાલચમાં આવી કરમ હુસેન તા. ૨૫/૦૭/૨૦૨૬ના રોજ મહુધા આવ્યા હતા.

મહુધા-કઠલાલ રોડ પર જમાદાર ટ્રાવેલ્સ નજીક આરોપીઓએ કરમ હુસેનને મળવા બોલાવ્યા હતા. ત્યાં તેઓએ પાંચ ડોલર આપી કરમ હુસેન પાસે રહેલા ૨૦,૦૦૦ રોકડા અને નમૂનાના ડોલર ઝપાઝપી કરી પડાવી લીધા હતા અને ગાળો બોલી નાસી ગયા હતા. બાદ આરોપીઓના મોબાઈલ સ્વિચ ઓફ આવતા છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. આ મામલે મહુધા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ખેડા પીપલ્સ બેંકની 78મી સભામાં સંજયભાઈ પટેલ નવા ચેરમેન તરીકે વરણી કરાઇ

ખેડા | ખેડામાં ખમીશાભાઈ સિંધીના અધ્યક્ષસ્થાને ખેડા પીપલ્સ કો. ઓપરેટીવ બેંકની 78મી વાર્ષિક સાધારણ સભા ઉત્સાહભેર યોજાઈ હતી. આ બેઠકમાં બેંક દ્વારા તેના તમામ સભાસદોને આ વર્ષે પણ ૧૦ ટકા ડિવિડન્ડ આપવાની મહત્વની જાહેરાત કરવામાં આવી છે. બેંકના નવા ચેરમેન તરીકે સંજયભાઈ એચ. પટેલ, મેનેજિંગ ડિરેક્ટર તરીકે કલ્પેશભાઈ શાહ અને વાઇસ ચેરમેન તરીકે રોહિતભાઈની સર્વાનુમતે નિમણૂક કરાઈ હતી. બેંક મેનેજર સ્નેહલભાઈ શાહ અને સ્ટાફગણે નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી અને સભાસદોના સૂચનોને ધ્યાને લેવાની ખાતરી અપાઈ હતી.

સરદાર પટેલ યુનિ.ના રાજ્યશાસ્ત્ર વિભાગમાં પ્રથમવાર ડો.એ.પી.જે. અબ્દુલ કલામ સુવર્ણ પદકની જાહેરાત

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. એ. એચ. હાસમાણી દ્વારા રૂ. ૬ લાખના ઉદાર અનુદાનથી આ પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલની સ્થાપના કરવામાં આવી છે. આ પદક દર વર્ષે રાજ્યશાસ્ત્રના એક્સ્ટર્નલ PG અભ્યાસક્રમમાં સર્વાધિક ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે. વર્ષ ૧૯૫૮માં સ્થપાયેલા રાજ્યશાસ્ત્ર વિભાગના ઇતિહાસમાં કોઈ દાતા દ્વારા આપવામાં આવેલો આ સૌપ્રથમ સુવર્ણ ચંદ્રક છે. કુલપતિ ડો. નિરંજનભાઇ પટેલની પ્રેરણાથી લેવાયેલા આ નિર્ણયનો હેતુ શૈક્ષણિક ઉત્કૃષ્ટતા અને યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાનો છે.

ધર્મજમાં છ ગામ પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

પેટલાદ | છ ગામ પાટીદાર સમાજ અને ધરોહર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ધર્મજમાં ધોરણ ૧ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. શ્રી જલારામ તીર્થ ખાતે યોજાયેલા આ પ્રસંગે મુખ્ય મહેમાન પ્રો. કલ્પેશભાઈ ત્રિવેદીએ શિક્ષણ અને બાળકના સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમાજના અગ્રણીઓના હસ્તે વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટ, પ્રમાણપત્ર અને શૈક્ષણિક કિટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં ગામની વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કપડવંજની એસ.સી. દાણી સ્કૂલ ખાતે 'સ્વ-જાગૃતિ અને શિસ્ત' વિષયક વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ યોજાયો

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી. દાણી સ્કૂલ ખાતે ડો.વનરાજસિંહ રાઠોડના આયોજન હેઠળ ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને સ્વ-જાગૃતિ, શિસ્ત, સમયપાલન અને જવાબદારી જેવા પાયાના મૂલ્યો કેળવી શ્રેષ્ઠ વ્યક્તિત્વનું નિર્માણ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં ધોરણ ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને શિસ્તબદ્ધ તથા સંસ્કારી નાગરિક બનવાનો સંકલ્પ કર્યો હતો.

કપડવંજ 108ની ટીમે ઝેરી સાપ કરડેલી યુવતીને સમયસર સારવાર આપી નવું જીવનદાન આપ્યું

કપડવંજ | કઠલાલના સલુજીની મુવાડી ગામે ખેતરમાં કામ કરતી વખતે 30 વર્ષીય નીરૂબેન રાઠોડને ઝેરી સાપ કરડતા પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સની મદદ માંગી હતી. નિર્માલી લોકેશનના EMT સંજયસિંહ રાઠોડ અને પાયલોટ શૈલેષસિંહ ઝાલાએ ઘટનાસ્થળે પહોંચી યુવતીની ગંભીર હાલત જોઈ ત્વરિત પ્રાથમિક સારવાર શરૂ કરી હતી. ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના ડો. જે. ડી. પટેલના માર્ગદર્શન હેઠળ ઇએમટી દ્વારા સમયસર સર્પદંશ વિરોધી ઇન્જેક્શન અને જરૂરી ઇમર્જન્સી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. 108 સ્ટાફની સતર્કતાથી યુવતીની સ્થિતિ સ્થિર થયા બાદ તેને વધુ સારવાર માટે સિંગરવા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવતા સ્ટાફની કામગીરીની પ્રશંસા થઈ રહી છે.

રાસનોલ સ્થિત બેન્ક ઓફ બરોડાના સ્થાપના દિન નિમિત્તે સન્માન કરાયું

આણંદ | રાસનોલ ખાતે બેંક ઓફ બરોડાના ફાઉન્ડેશન ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રાહકોને ઉત્તમ અને નમ્ર સેવા પૂરી પાડવા બદલ શ્રી પુનમભાઈ સોલંકીનું વિશેષ બહુમાન કરાયું હતું. બેંકના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમને પ્રતિષ્ઠિત 'બેસ્ટ કસ્ટમર સર્વિસ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તેમને મોમેન્ટો, ખેસ અને પુષ્પગુચ્છ અર્પણ કરી આદરપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા હતા.

વાસદ ટોલ પ્લાઝાના કર્મચારીએ મુસાફરનું ખોવાયેલું કિંમતી પર્સ પરત કર્યું

આણંદ | અમદાવાદ-વડોદરા નેશનલ હાઇવે પર વાસદ ટોલ પાસે એક મર્સિડીઝ કાર ચાલકનું રોકડ અને દસ્તાવેજો ભરેલું પર્સ પડી ગયું હતું. આઇઆરબી ટોલ કર્મચારીઓને આ પર્સ મળતા, તેમાં રહેલા ડોક્યુમેન્ટ્સના આધારે તાત્કાલિક માલિકનો સંપર્ક કરી તેમને જાણ કરી હતી. આ પર્સના માલિક પરત આવતા, કર્મચારીઓએ તમામ રોકડ રકમ અને અગત્યના દસ્તાવેજો તેમને સહી-સલામત સોંપી દીધા હતા. પોતાની કિંમતી વસ્તુઓ પરત મળતા માલિકે કર્મચારીઓનો આભાર માન્યો અને જણાવ્યું કે સમાજમાં હજુ પણ પ્રમાણિકતા જીવંત છે.

આણંદની સાંઈ જ્યોતિષ જ્ઞાનપીઠ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઇ

આણંદ | આણંદ સ્થિત સાંઈ જ્યોતિષ જ્ઞાનપીઠમાં ગુરૂપૂર્ણિમા પર્વ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં મૌલિકભાઇ ભટ્ટે ગુરુ પરંપરાનું મહત્વ અને તેને અનુસરવાની રીતો વિશે માહિતી આપી હતી. જ્યારે સંસ્થાના ટ્રસ્ટી મૈનેશભાઇ, સાઇ બાબા જનસેવા ટ્રસ્ટના પ્રમુખ જનકભાઇ પટેલ, સાઇ જ્યોતિષના સંચાલક નરેશ દરજી તેમજ વિવિધ અતિથિ વિશેષ મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ગુરુ-શિષ્ય પરંપરાના આદર્શોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

ખેડાના સારસામાં ભાજપ અગ્રણીઓ દ્વારા પૂર અસરગ્રસ્તોને રાહત સામગ્રીનું વિતરણ કર્યું

ખેડા | ખેડા તાલુકાના સારસા ગામે ખારીકટ કેનાલ તૂટતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે અનેક પરિવારો છેલ્લા બે દિવસથી ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. આ કપરી પરિસ્થિતિની જાણ થતા જ ખેડા તાલુકા ભાજપ પ્રમુખ હેમેન્દ્રસિંહ જાદવ અને પંચાયત સભ્ય નરેશભાઈ સહિતના આગેવાનોએ તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. અસરગ્રસ્ત પરિવારોની સ્થિતિ જાણી ભાજપ અગ્રણીઓ દ્વારા માનવતાના ધોરણે તાત્કાલિક રાહતરૂપે ફૂડ પેકેટ અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આપત્તિના સમયે લોકોની પડખે અડીખમ ઊભા રહીને ભાજપના કાર્યકરોએ તમામ જરૂરી મદદ પહોંચાડવા માટેનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.

ખંભાતના તડાતળાવ ખાતે 'પ્રોજેક્ટ વસુધા' હેઠળ વિશ્વ મેન્ગ્રોવ દિવસની ઉજવણી કરાઇ

ખંભાત | ખંભાતના તડાતળાવ ખાતે વર્દિસ ફાઉન્ડેશન, ડો. રેડ્ડીઝ ફાઉન્ડેશન અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે મેન્ગ્રોવ સંરક્ષણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો, જેમાં ૮૦થી વધુ ગ્રામજનો જોડાયા હતા. આ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ અને તજજ્ઞો દ્વારા મેન્ગ્રોવ નર્સરીના મહત્વ, વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને દરિયાકાંઠાના પુનઃસ્થાપનમાં તેની ભૂમિકા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ વસુધા હેઠળ અત્યાર સુધીમાં ૫ લાખથી વધુ મેન્ગ્રોવ રોપાઓનું વાવેતર કરી ૨૦૦ હેક્ટર વિસ્તારને પુનઃસ્થાપિત કરાયો છે, જેનાથી સ્થાનિકોને ૬૧ લાખની આજીવિકા મળી છે.

આણંદના ડી.એન. સિનિયર સિટીઝન ફોરમ દ્વારા આધ્યાત્મિક પ્રવાસ યોજાયો

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. સિનિયર સિટીઝન ફોરમ દ્વારા ૨૩ જુલાઈના રોજ સ્તંભેશ્વર મહાદેવ અને અટલાદરાનો એક દિવસીય પ્રવાસ યોજાયો હતો. મંત્રી કેતનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સભ્યોએ અટલાદરા મંદિર અને પ્રમુખ સ્વામી મહારાજના જન્મસ્થળ ચાણસદની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી. કાવી કંબોઈ ખાતે સમુદ્ર વચ્ચે બિરાજમાન સ્તંભેશ્વર મહાદેવના દર્શન-પૂજન સાથે વડીલોએ બસમાં ભજન અને અંતાક્ષરીની જમાવટ કરી હતી. પ્રમુખ મહેશભાઇ પટેલ અને કારોબારી સભ્યોની જહેમતથી વરસાદી માહોલમાં તમામ સદસ્યોએ આ યાદગાર પ્રવાસનો ઉત્સાહભેર આનંદ માણ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્ઝેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com